dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

September 2009 For private circulation only Vol. 01 - Issue 17

દબાવી ઉરશલ્ય દાસ્યતણું પ્રેમ શૌર્ય રમ્યો, અનર્ગળ પરિશ્રમે નવલ કેડીઓ પાડતો,
ગયો તું ઝબકી નવા યુગની નવ્ય નાન્દી સમો

કવિશ્રી ઉમાશંકર જોષી,
(અભિજ્ઞા, પૃ. ૨૧)

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

ગુજરાતી સાહિત્ય સૃષ્ટિમાં અર્વાચીન યુગના સ્વરૂપ વિધાયક 'અર્વાચીનોમાં આદ્ય' વીર નર્મદની ૧૭૬મી જન્મજયંતી પ્રસંગે સાહિત્યની આબોહવાને પોતાના જુસ્સાથી બદલી નાખનાર સુરતના એ લાલ, લાલશંકર-સુત નર્મદનું આજે સવિશેષ સ્મરણ કરીએ.

શ્રી ગુલાબદાસ બ્રોકરે ગુજરાતી સાહિત્ય (એક વિહંગાવલોકન)માં લખ્યું છે કે "એ સાહિત્યકાર ગુજરાતી ભાષાને કવિ નર્મદમાં મળી ગયો." સત્તર વર્ષની ઉંમરે "જુવાન માણસોની અન્યોઅન્ય બુધ્ધિવર્ધક સભા" નામની સંસ્થા સ્થાપી. પ્રમુખ પણ પોતે જ થયો. ભાષણ આપ્યું - "મંડળી મળવાથી થતા લાભ" નામનું. લખી નાખ્યું અને છપાવ્યું પણ, ઈ.સ. ૧૮૫૧માં, અર્વાચીન ગુજરાતી ભાષાનું પહેલું ગદ્ય લખાણ તે ગણાયું. બાર વર્ષ મહેનત કરી ગુજરાતી ભાષાનો કોશ તૈયાર કરી પ્રસિધ્ધ કર્યો, 'નર્મકોશ' નામ આપ્યું. 'પિંગળ પ્રવેશિકા', 'અલંકાર પ્રવેશિકા' અને 'રસ પ્રવેશિકા' નામની પુસ્તિકાઓ લખી. ઈતિહાસ લખ્યો, ધર્મમંથન કર્યું અને તે વિશે લખ્યું. સુધારાનો અગ્રણી બન્યો, લડાઈઓ લડયો, જીત્યો, હાર્યો, છતાં લડતો રહયો. નોકરી ન કરવાની પ્રતિજ્ઞા કરી અને કલમને ખોળે માથું મૂકયું. પાછલી ઉંમરે નોકરી કરવા વારો આવ્યો. તે કરી પણ તે પછી તે કદીએ હસ્યો નહિ. આવું તો ઘણું ઘણું આ "રસિક, ટેકી" નરે કર્યું ."

વિશ્વનાથ મગનદાસ ભટ્ટ નોંધે છે કે "નર્મદ નહોતો કોઈ છટેલ જુવાનિયો કે નહોતો કોઈ મામુલી લેખક. એ તો હતો યુગપુરુષ. આપણે ત્યાં નવયુગનું ખાતમુહૂર્ત એને હાથે થયું, અર્વાચીનતાની ઉષા એના દ્વારા પ્રકટી, આધુનિકતાનાં પગરણ એને પગલે મંડાયા, આજે આપણે ખેડી રહયા છીએ એ સઘળા સાહિત્યપ્રકારો આપણને સૌથી પહેલા કોણે આપ્યા ? નર્મદે જ. પ્રાચીન કેવળ પરલક્ષી આખ્યાન કાવ્યો અને પરલોક પરાયણ ધર્મવિચારો પ્રભાવિત ગુજરાતી કાવ્યોને આત્મલક્ષી ઊર્મિકાવ્યો અને ઈહલોક ભણી સૌથી પહેલી દોરી તે કોણે ? એ પણ નર્મદે જ. સ્વદેશાભિમાન, સ્વાતંત્ર્ય પ્રેમ અને શૌર્યનાં ગીતો ગુજરાતી ભાષામાં સૌથી પહેલા લલકાર્યા કોણે ? નમદે જ."

તાપી દક્ષિણતટ સુરત મુજ ઘાયલ ભૂમી,
મને ઘણું અભિમાન, ભોંય તારી મેં ચૂમી.

સૂરતપ્રેમી કવિ નર્મદને સવાશતાબ્દી પ્રસંગે ઉમાશંકર જોષી દ્વારા નોંધાયું છે કે, "નર્મદે પહેલી કવિતા ૧૮૫૫માં લખી અને એની કવિતા પ્રવૃત્તિ ૧૮૬૫ સુધી, માત્ર દસ વરસ ચાલી છે. જિંદગીનાં છેલ્લાં વીસ વરસ નર્મદે કવિતા સિવાયના સાહિત્ય-પ્રકારો આપ્યા છે. તેમ છતાં આરંભના દસ વરસ જેટલા સમયમાં પણ એણે ગુજરાતી કવિતા પરંપરામાં એક નવું જ પરિવર્તન કરી દીધું છે. નર્મદના વિષયો, અભિગમ, ભાવ અને રીતિ એવાં અનોખાં છે કે ગુજરાતી કવિતાલેખનની દિશા જ બદલાઈ જાય છે. અત્યાર સુધી આપણે ત્યાં અંગત પ્રેમનાં કાવ્યો ન હતાં, સ્વતંત્ર પ્રકૃતિવર્ણનની કવિતા ન રચાતી. નર્મદ પ્રણય કાવ્યો અને નવી રીતિનાં પ્રકૃતિકાવ્યો આપે છે. દેશપ્રેમનો એ પ્રથમ ઉદ્‌ગાતા છે, 'સ્વદેશાભિમાન' સમાસ પણ એણે જ યોજયો." કવિ ઉમેરે છે કે, "એકંદરે, સિધ્ધ કાવ્યકૃતિઓ આપનાર કરતાં વધુ તો કવિતાનું વહેણ બદલી નાખનાર એક બળ (force) તરીકે, એક Pioneer તરીકે નર્મદનું ગુજરાતી કવિતા-સાહિત્યના ઈતિહાસમાં મહત્ત્વનું સ્થાન છે."

'ગુજરાતી ગદ્યનો વિકાસ' નામક વાર્તાલાપ શ્રેણીમાં 'નર્મદ યુગનું ગદ્ય' વિશે બોલતાં શ્રી યશવન્ત શુકલે જણાવ્યું છે કે, નર્મદને રૂઢ ગદ્યનો પિતા ગણવામાં આવે છે

અને તે અમુક ચોકકસ અર્થમાં સાચું પણ છે. નર્મદનું ગદ્ય લાક્ષણિકતામાં લાક્ષણિક ગદ્ય છે. એની મર્યાદાઓ છતાં એ ગદ્યનું બળ, એનો લય, એની અનેકાનેક લાક્ષણિક ભંગિઓ, સંકુલ રચનાઓ, એની ચિત્રાત્મકતા, એની વકતૃત્વ છટા, અને જેના મનઃ પ્રસાદમાંથી એનો પ્રભાવ થયો છે તેની સન્નિષ્ઠા ને પારદર્શકતાને કારણે ગુજરાતી સાહિત્યનું એ અપૂર્વ વૈવિધ્યયુકત શિષ્ટ ગદ્ય બને છે, તેના લાક્ષણિક ગદ્યનો એક નમૂનો :

"શૌર્ય વિના માણસપણું રહેતું નથી, શૌર્ય વિના આપણે રાજય, ધર્મ, રૂઢિના અધમ દાસ છૈયે... શૌર્યથી કુલીનતાને સૌન્દર્ય આવે છે. આપણે ઊંચા છીએ તેથી આપણામાં ઊંચું શૌર્ય આવશે ને ઊંચું શૌર્ય આવ્યું એટલે ઊંચા યશ ને પછી ઊંચું સુખ પ્રાપ્ત થશે - અર્થાત દેશાભિમાન થકી ઉત્પન્ન થયેલાં પ્રેમ શૌર્ય એ બેનો દેશીઓમાં દહાડે દહાડે વધારો થવો જોઇએ."

શ્રી પ્રવીણ દરજી "આપણી ભાષાનો પ્રથમ નિબંધ" અંગે 'વિ-વિદ્યાનગર'ના જુલાઈ, ૨૦૦૯ના અંકમાં લખે છે, " પદ્યને જેમ 'લાગણી' સાથે જોડીએ છીએ અને ગદ્યને જેમ 'વિચાર' સાથે જોડીએ છીએ, એ જાડું તો જાડું ગણિત આગળ લઈને ચાલીએ તો અર્વાચીન ગુજરાતી ગદ્યના, આરંભકાળને એ સત્ય લાગુ પાડી શકાય તેમ છે. ઘણી બધી બાબતોમાં 'આદ્ય' નર્મદમાં 'ગદ્ય' વિશેની સૂઝ આશ્ચર્ય પમાડે તેવી હતી. દલપતરામે સંભવ છે કે નર્મદની પૂર્વે ગદ્યનિબંધ લખ્યા હોય પણ સૂઝ સાથેની વિચાર-લેખનરીતિના આરંભક તરીકે તો નર્મદનું જ નામ લેવું પડે. ...નર્મદ એક અર્થમાં એના સમયનો પ્રબળ ઉછાળ છે. ભાવનાઓનો, વિચારોનો, સુધારાઓનો ઉછાળ. કશુંક નવું કરવાના દિન-રાત ધખારા એના મનમાં ચાલ્યા કરતા હતા. ...તેણે સાધિકાર કહ્યું કે, '૧૮૨૭થી ગુજરાતી ભાષા સુધરવા માંડી છે, ને એ સુધરેલી ભાષામાં હું પહેલો જ છું." ભવિષ્ય વિષે સંપૂર્ણ સભાન હોઈ પોતે જ પાછો લખે છે, "એ લખાણ પ્રસંગના જોસ્સાઓની નિશાની છે, માટે એમાંના વિચારોને ચોમાસાનું ડહોળાયેલું પાણી સમજવું - અલબત્ત થોડા વરસ પછી (ફેરફાર સાથે ફરીથી છપાય તો) એ વિચારો શરદઋતુના પાણી જેવા થાય ખરા."

શ્રી આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ, કવિ નર્મદાશંકરની શતાબ્દી પ્રસંગે જણાવે છે કે, "કવિ નર્મદનું ગૂજરાતમાં ચિરંજીવ નામ રહેશે તો તે એમનાં શ્રૃંગારકાવ્યોથી નહિ પણ દેશભકિતથી : અને એમાં પણ એમનો દેશ જેટલો હિન્દુસ્થાન નહિ તેટલો ગૂજરાત સમજવાનો છે. જગતનાં સ્વદેશભકિતનાં કાવ્યોમાં - જય જય ગરવી ગૂજરાત - આ પદ્યને પ્રથમ પંકિતમાં સ્થાન મળવું જોઈએ. અને તે કવિની દેશભકિતના સાચા ઉદ્‌ગારમાત્રથી જ નહિ, પણ કવિની અદ્‌ભુત કલ્પનાશકિત વડે રચેલા સુન્દર ચિત્રથી, તેમજ ભાવ અને છન્દના મનોહર સંયોજનથી. "અમે નર્મદને વીર પુરુષોની પ્રથમ કોટિમાં મૂકીએ છીએ. ...વીરતાથી તો ન કેવળ કવિનાં કાવ્યો અને નિબન્ધો, પણ એમનું સમસ્ત જીવન ભરપૂર હતું. "સહુ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે" એ અમુક પ્રસંગની જ વીરહાક ન હતી, પણ એમનું આખું જીવન એથી ભરપૂર હતું. ગૂજરાતે આવો 'કવિવીર' બીજો પેદા કર્યો નથી.

આર્ષ દ્રષ્ટિધારી પુરુષ નર્મદ વિશે ક.મા. મુન્શીએ ૧૦મી માર્ચ ૧૯૪૦માં કવિ નર્મદનું બાવલું ગાંધીબાગમાં ખુલ્લું મૂકતાં આપેલા ભાષણમાં જણાવેલું કે, "ગૂજરાતના હૃદયમાં ગૂજરાતની અસ્મિતા અમર કરનાર નર્મદ હતો. હું ૧૨-૧૩ની સાલમાં (૧૯૧૨-૧૩) 'અસ્મિતા' શબ્દ યોગસૂત્રમાંથી લાવ્યો, તે પહેલાં એનો કોઇને ખ્યાન ન હતો, પણ ૧૮૫૬-૫૭માં પણ નર્મદને ગૂજરાતની અસ્મિતાનું ભાન હતું. પરરાજયની બેડી એને સાલી હતી. પર સંસ્કારનો એણે સામનો કર્યો હતો. ૧૮૮૪-૮૫માં એને એ દર્શન થયું હતું. એની દ્રષ્ટિ આર્ષ હતી. એ દ્રષ્ટિએ એણે સત્ય જોયું ને ગાયું અને જીવી ગયો. એણે જે અનુભવ કર્યો તેને પરિણામે આપણી સમક્ષ એ સુંદર સમૃધ્ધિ મૂકી ગયો છે. એના જેવા સ્વાનુભવનો રસ ગૂજરાતના આજના સાહિત્યકારોમાં આવે અને તે વ્યકત કરવાની હિંમત ને શકિત આવે એ જ પ્રાર્થના ! "

કવિશ્રી સુરેશ દલાલે જણાવ્યું છે કે કલિફર્ડ ડાયમંટે કરેલું સી.ડે. લુઈ વિશેનું વિધાન નર્મદ માટે ખાસ સાચું છે તે વિધાન મુજબ, " He is a private poet whose private vision gives clarity to his public view; a public poet whose public view enlarges his private vision. He is both a personal and a social poet because he knows that individual lite and community life cannot be put into separate compartments : a solitary man in society reduced to one unit." કોઈકે સાચે જ કહ્યું છે કે, "નર્મદ કવિ તરીકે મોટો હતો, સાહિત્યિક તરીકે તેથીયે મોટો, ને સૌથી મોટો તો એ મનુષ્ય તરીકે હતો."

અંતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને વીર નર્મદની ૧૭૬મી જન્મ જયંતીના બીજા દિવસે ગુજરાત સરકારે અલાયદા ગુજરાતી ભાષાના અનુસ્નાતક ભવન શરૂ કરવાની યુનિવર્સિટી દ્વારા થયેલ દરખાસ્તને મંજૂરીની મહોર મારી એક પ્રોફેસર, બે રીડર તથા ત્રણ વ્યાખ્યાતાઓની જગ્યાઓ મંજૂર કરી, વીર નર્મદ પ્રત્યે ઋણ ચૂકવ્યું છે તેની સહર્ષ નોંધ લઇએ. આ ભગીરથ કાર્યમાં જેણે પણ સૂર પૂરાવ્યો તે સૌનો આભાર.

૫ ઓગષ્ટ, ૨૦૦૯

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ૧૭૬મી નર્મદ જયંતી



સમયમૂર્તિ વીર કવિ નર્મદની ૧૭૬મી જન્મજયંતી પ્રસંગે કવિ અને વિવેચક ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળાનું "નર્મદના યુગવિષયક આંતરબાહય પ્રતિરોધો" વિષય ઉપરનું વ્યાખ્યાન કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને યુનિવર્સિટી પરિસર સ્થિત કમ્પ્યૂટર સાયન્સના સભાગૃહમાં તા. ૨૪-૮-૨૦૦૯ના રોજ યોજાઈ ગયું.

કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળાનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. કુલસચિવશ્રી જે.આર. મહેતાએ ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળા તેમજ આમંત્રિતોનું શબ્દો વડે સ્વાગત કર્યું હતું.



ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ વકતવ્યમાં જણાવ્યું કે, હું આ યુનિવર્સિટીમાં આવ્યો ત્યારે મને થયું કે યુનિવર્સિટીનું નામ વીર નર્મદ કેમ પડયું ? વીર શબ્દ કેમ ? નર્મદ સાહિત્યકાર હતો. નર્મદ શું ન હતો ? નર્મદ એના લેખન કરતાં પણ મોટો હતો. સાંસ્કૃતિક પુરુષ તરીકેની છબી નર્મદની હતી. નર્મદ આજનો નહિ પણ આવતીકાલનો નિર્ણય કરતો હતો. નર્મદ દસ્તાવેજોમાં છે તેના કરતાં પણ વધારે મહાન હતો. નર્મદ પ્રારંભોની વચ્ચે પણ પ્રારંભ જ હતો. જે માણસ પ્રારંભ કરતો હોય છે તેની બધી જ શકિત પ્રારંભ કરવામાં જ ખર્ચાઈ જાય છે. ગુજરાતી સાહિત્યનો પ્રથમ વિસ્ફોટ એટલે જ નર્મદ. નર્મદના લેખન કરતાં પણ તેની મુદ્રા બહુ જ આકરી હતી. નર્મદનું 'નર્મ વિચાર' નર્મદનું 'હિંદ સ્વરાજ' છે. પ્રત્યેક જિજ્ઞાસુએ પોતપોતાનો નર્મદ શોધવાનો છે. નર્મદ એક ઉત્તમ કવિ કરતાં પણ ગુજરાતી ભાષાને ઘડનારો હતો. કવિતાઓની સાથે તેમણે અનેક સામાજિક સુધારણાના પણ પ્રારંભો કર્યા હતા, જેમાં તેમને અનેક આંતર બાહય અવરોધોનો સામનો કરવો પડયો હતો. વીર નર્મદની મુખ્ય લાક્ષણિકતા તેમનો જુસ્સો હતો.



અધ્યક્ષસ્થાનેથી કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિએ જણાવ્યું કે, યુનિવર્સિટીનું એક મહત્વનું અંગ તે પ્રકાશનની કામગીરી છે. પ્રકાશનક્ષેત્રે યુનિવર્સિટીમાં વિશેષ થતું નથી તેનો મને રંજ છે. 'દક્ષિણાયન' વૃત્તપત્રના પુનઃ પ્રારંભની શરૂઆત થઈ છે. ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ દ્વારા VNSGU Journal of Management and Administrationનો પ્રથમ અંક જુલાઈ ૨૦૦૯માં જ પ્રકાશિત થયો છે. યુનિવર્સિટીને યુ.જી.સી. દ્વારા પ્રકાશન માટે ૨૦ લાખ રૂપિયાનું અનુદાન મળવાનું છે. આ અનુદાનમાંથી વિદ્યાવિસ્તાર પ્રવૃત્તિની શ્રેણી શરૂ કરવાનો વિચાર છે, જેની શરૂઆત સુરતથી થાય તેમ હું ઈચ્છુ છું. સુરત જિલ્લાના ઉદ્યોગો, સાહિત્યકારો, સંસ્થાઓ, ઈતિહાસ, સંસ્કૃતિ, લોકબોલી અને અન્ય ક્ષેત્રો પર પણ યુનિવર્સિટી પ્રકાશન ક્ષેત્રે ભૂમિકા ભજવે તેમ હું ઈચ્છું છું.

વ્યાખ્યાનની પૂર્વે યુનિવર્સિટી પરિસર સ્થિત સમયમૂર્તિ વીર નર્મદની પ્રતિમાને કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ, ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળા, કુલસચિવશ્રી જે.આર. મહેતા, સિન્ડિકેટ સભ્યશ્રી દિપકભાઈ આફ્રિકાવાળા તેમજ અન્ય મહાનુભાવોએ પુષ્પ અર્પણ કરીને શ્રધ્ધાંજલિ આપી હતી.

આ વ્યાખ્યાનમાં યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, વિવિધ સત્તામંડળના સભ્યશ્રીઓ, પદાધિકારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## નવપ્રસ્થાન-૪

તા. ૨૨-૫-૨૦૦૯ના રોજ મહુવાના જી.એચ. ભકત મેમોરિઅલ ટ્રસ્ટ દ્વારા મેનેજમેન્ટ એકેડેમિક માટે દોઢ કરોડ રૂપિયા આપવા માટે યુનિવર્સિટી સાથે MOU કર્યા, તે **નવપ્રસ્થાનનું પ્રથમ પગલું.** રૂપિયા સાડા ચાર કરોડના ખર્ચે તૈયાર થનારા મેનેજમેન્ટ એકેડેમીના ભવનમાં ૪૬ હજાર ચો.ફુટનું બાંધકામ હશે. આઈ.આઈ.એમ., અમદાવાદની પેટર્નના થિયેટર ટાઈપના વિશાળ ૧૦ વર્ગખંડ, ૧૫૦ બેઠકની ક્ષમતાવાળા બે ઓડિટોરિયમ, બે કોન્ફરન્સ હોલ, સ્પેશ્યલાઈઝેશનના વિષયો માટે ચાર અલગ વર્ગખંડ, અત્યાધુનિક કમ્પ્યૂટર લેબ, સેન્ટ્રલ લાઈબ્રેરિ તથા ૨૦ ફેકલ્ટી બેસી શકે તે માટે સ્વતંત્ર ભવન, એકેડેમીશ્યનો માટે નાનકડું ગેસ્ટ હાઉસ તથા ૫૦૦ વિદ્યાર્થીઓ બેસી શકે તેવું ઓપન એર થિયેટર અને પાર્કિંગની વ્યવસ્થા ઉપલબ્ધ થશે.

**બીજું નવતર પ્રસ્થાન** તે રાજસ્થાનના લાડનુ ખાતે ચાતુર્માસ કરી રહેલા આચાર્ય મહાપ્રજ્ઞજીએ તેરાપંથી મહાસભામાં કુલપતિ પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિને વિશ્વશાંતિ, અહિંસા, સદાચાર અને મૂલ્યશિક્ષણના સંસ્કાર માટેનું કેન્દ્ર "આચાર્ય મહાપ્રજ્ઞજી સેન્ટર ફોર સાયન્સ ઓફ લિવિંગ"નો પ્રારંભ કરવા માટેની દરખાસ્તને મંજૂરી પ્રદાન કરી.

**ત્રીજું નવતર પ્રસ્થાન** એટલે "શ્રી મોરારજી દેસાઈ જન્મ શતાબ્દિ પ્રતિષ્ઠાન" યુનિવર્સિટીને તા. ૬-૮-૨૦૦૯ના રોજ વિધિવત અર્પણ થયું. આ પ્રતિષ્ઠાન પાસે પોંસરા ગામની ૧૫ એકર જમીન, રૂા. ૬૫ લાખના ખર્ચનાં ભવનો, સારવાર માટેનું મુખ્ય મકાન, સ્ટાફ

ક્વાર્ટર્સ, ડૉક્ટર ક્વાર્ટર્સ, યુનિવર્સિટી પરિસરના શ્રી બાપાલાલ વૈદ્ય બોટનીકલ રિસર્ચ સેન્ટરના એમ.એસસી. બાયોસાયન્સ, મેડીસીનલ પ્લાન્ટસ સાથે વર્ગમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને ગોલ્ડ મેડલ આપવા માટે શ્રી બાપાલાલ વૈદ્યના પૌત્ર ડૉ. આનંદભાઈ વૈદ્યે રૂા. ૭૫૦૦૦ની કરેલી સખાવત, શ્રી બાપાલાલ વૈદ્યના પુત્ર ડૉ. પ્રફુલ્લભાઈ વૈદ્યના નામે પ્રવચન શ્રેણી શરૂ કરવા રૂા. ૫૦,૦૦૦ તથા એમ.એસસી. બાયોસાયન્સ, મેડીસીનલ પ્લાન્ટ સાથે ઉત્તિર્ણ થનાર તથા પીએચ.ડી. મેડીસીનલ પ્લાન્ટસ સાથે કરનાર વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ આપવા માટે રૂા. પાંચ લાખની સખાવત પણ મળી. યુનિવર્સિટીનું આ પ્રથમ ઓફ કેમ્પસ સેન્ટર છે. આશરે રૂપિયા પાંચ કરોડનો આ પ્રકલ્પ છે.

શ્લોકના ચાર ચરણ હોય છે. યુનિવર્સિટીનું **ચોથું નવપ્રસ્થાન** એટલે યુનિવર્સિટીના ગુજરાતી ભાષા ભવનને તા. ૨૭-૮-૨૦૦૯ના રોજ મળેલી મંજૂરી. ગુજરાતી ભાષા ભવન યુનિવર્સિટીમાં કાર્યાન્વિત બને તે માટે વિવિધ સત્તામંડળો, અખબારો અને વિવિધ સાહિત્યકારો તથા મનીષીઓ કરતા રહ્યા છે. કુલપતિશ્રીએ શિક્ષણ વિભાગને ગુજરાતી ભાષા ભવન શરૂ કરવા અંગે તા. ૬-૨-૨૦૦૯ના રોજ પત્ર પણ પાઠવેલ.

ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, બરોડાના પૂર્વ ડાયરેક્ટર પ્રોફે. **(ડો.) આર. આઈ. નાણાવટી** 'દક્ષિણાયન'ને તા. ૨૮-૩-૨૦૦૯ના રોજ પાઠવેલ પત્રમાં કુલપતિશ્રીને દર્શાવે છે કે : હું મૂળ સુરતનો છું. વળી મુંબઈમાં અનુસ્નાતક સુધીનું શિક્ષણ લીધા છતાં મારી અધ્યાપકીય કારકિર્દીનો સાચો પાયો દક્ષિણ ગુજરાતમાં નંખાયો; બે વર્ષ (૧૯૬૩-૬૫) બારડોલી અને પછી સત્તર વર્ષ (૧૯૬૫ થી ૧૯૮૨) સુરત એમ.ટી.બી. કોલેજમાં. પછી વડોદરા આવ્યો કારણ કે સુરતમાં ભાષાભવન અને સંસ્કૃત વિભાગ ત્યાં સુધી શરૂ થયાં નહોતાં. એટલે એક તો સુરતમાં કશુંક સારું થાય તો મારા ચિત્તમાં એનાં સ્પંદનો હજુય અનુભવાય છે. આ માત્ર લખવાનું એક કારણ એ પણ ખરું, બીજું મારે જ કારણે સુરતથી વડોદરા આવવું પડયું એ કારણનું નિવારણ ન થઈ શકે ? ન થવું જોઈએ ? અંગ્રેજી અને તુલ.સા. શાસ્ત્રના વિભાગો છે એ બીજા-ખાસ કરીને પ્રાંતભાષા-રાષ્ટ્રભાષા-સંસ્કૃતિ ભાષાના-વિભાગો વિના ચલાવવાનું કે વિભાગો શરૂ ન કરવાનું બહાનું-નિમિત્ત કારણ ન બનવાં જોઈએ, વિભાગો શરૂ કરવા માટેનાં કારણો તો ઘણાં જાણીતાં છે, તમને પણ જાણીતા છે જ.

સુપ્રસિધ્ધ સાહિત્યકાર **પ્રોફે. ભોળાભાઈ પટેલ** 'દક્ષિણાયન'ને પાઠવેલા પત્રમાં કુલપતિશ્રીને દર્શાવે છે કે : ... આ પ્રસંગે એક સૂચન કરવાની ઈચ્છા થાય છે અને તે એ છે કે વીર નર્મદના નામ સાથે જોડાયેલ યુનિવર્સિટીમાં એક મુખ્ય વિષય તરીકે અનુસ્નાતક કક્ષાએ ગુજરાતીનો વિભાગ સ્વયં યુનિવર્સિટીમાં શરૂ થાય તેવા પ્રયાસ આપ કરશો. ગુજરાતી ભાષા ભવન શરૂ થાય તો અનેક પ્રવૃત્તિઓ દ્વારા ગુજરાતી ભાષાના વિકાસની થઈ શકે, જેનો આદ્ય પુરસ્કર્તા નર્મદ હતા. (દક્ષિણાયન. અંકઃ૩)

કુલપતિશ્રીની સતત અને સખત જહેમતના અંતે રાજય સરકારે મંજૂરીની મહોર મારી દેતાં ટૂંક સમયમાં જ ગુજરાતી ભાષા સાહિત્ય ભવન કાર્યરત થઈ જશે. આ ભવનનું બિલ્ડિંગ બનાવવા માટે સુખીસંપન્ન દાતાઓ આગળ આવે તેવી લાગણી કુલપતિશ્રીએ વ્યકત કરી હતી.

આજથી ચાર દાયકા પહેલાં સુરતમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી. જે તે વખતે ગુજરાતી ભવન સિવાયના લગભગ તમામ ભવનો કાર્યાન્વિત કરાયાં હતાં પરંતુ કોઈ અકળ કારણોસર માત્ર ગુજરાતી ભવન જ શરૂ કરાયું ન હતું. તેમાં પણ વળી, ૨૦૦૪ના વર્ષથી આ યુનિવર્સિટી સાથે ગુજરાતી ભાષા અને સાહિત્ય ભવન શરૂ કરવા માટે ભારે પ્રયાસો કરાયા હતા.

દરમિયાન વર્તમાન કુલપતિ ડૉ. બી.એ. પ્રજાપતિએ ગુજરાતી ભાષા સાહિત્ય ભવન તાત્કાલિક અસરથી શરૂ થાય તે માટે સતત અને સખત પ્રયત્નો જારી રાખ્યા હતા જેના ફળસ્વરૂપે રાજય સરકારે મંજૂરીની મહોર મારતાં હવે ટૂંક સમયમાં આ ભવન કાર્યાન્વિત થઈ જશે.

આ ભવનના વડા અને પ્રોફેસરની એક પોસ્ટ, બે રીડરની પોસ્ટ અને ત્રણ લેકચરરની પોસ્ટ રાજય સરકારે મંજૂર કરી છે. તેમણે વધુમાં કહયું હતું કે હવે પછી ગુજરાતી ભાષાને જીવંત રાખવા તેમજ સમૃદ્ધ બનાવવા માટેના તમામ પ્રયત્નો કરાશે. ગુજરાતી ભાષા સાહિત્ય ભવનનું નવું બિલ્ડિંગ બનાવવાના ભગીરથ કાર્યમાં સુખીસંપન્ન દાતાઓ આગળ આવે તેવી તેમણે અપીલ કરી હતી.

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે ગુજરાતી વિષયનો અનુસ્નાતક વિભાગ શરૂ કરવા જરૂરી શૈક્ષણિક/મહેકમ મંજુર કરવા બાબત.**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : દગચ/૧૩૦૯/ઈએમ-૫૭/ખ. સચિવાલય, ગાંધીનગર. તારીખ : ૨૫/૦૮/૦૯.

**વંચાણે લીધો** :-

૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રીનો તા. ૬-૨-૦૯નો પત્ર.

૨) શિક્ષણ વિભાગનો તા. ૯-૧૧-૨૦૦૪નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૩૦૪/જી-૯૨/ખ.

**આમુખ** :-

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે હાલમાં ચાલતા તુલનાત્મક સાહિત્ય અનુસ્નાતક વિભાગ (ડિપાર્ટમેન્ટ ઓફ કંપેરેટીવ લીટરેચર)નું નામાભિધાન ! ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી કંપેરેટીવ લીટરેચર ! આપવા તેમજ પ્રોફેસરની એક જગ્યા, રીડરની બે જગ્યા અને વ્યાખ્યાતાની ત્રણ જગ્યાઓ ગુજરાતી વિષય માટે ભરવાની મંજુરી આપવા વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં જણાવેલ યુનિવર્સિટીના પત્રથી મળેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ** :-

પુખ્ત વિચારણાને અંતે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે ચાલતા તુલનાત્મક સાહિત્ય અનુસ્નાતક વિભાગ (ડિપાર્ટમેન્ટ ઓફ કંપેરેટીવ લીટરેચર)નું નામાભિધાન ! ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી કંપેરેટીવ લીટરેચર ! આપવાની આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે. રાજયની યુનિવર્સિટીઓ ખાતેની શૈક્ષણિક ખાલી જગ્યાઓ ભરવા માટે કરકસરની સુચનામાંથી મુકિત આપવા અંગેના વંચાણે લીધેલ શિક્ષણ વિભાગના તા.૯-૧૧-૦૪ના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લેતાં તેમજ તે શરતોને આધિન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવસિટી, સુરત ખાતે કુલ શૈક્ષણિક ખાલી જગ્યાઓ પૈકી ૧/૩ના પ્રમાણમાં ખાલી રહેતી જગ્યાઓ ભરવાની મળેલ સત્તા અન્વયે પ્રોફેસરની-૦૧ જગ્યા, રીડરની-૦૨ જગ્યા, અને વ્યાખ્યાતાની-૩ જગ્યાઓ એમ કુલ - ૬ જગ્યા ઉપર જણાવેલ નવા વિભાગ ! ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી કંપેરેટીવ લીટરેચર ! માટે (એટલે કે ગુજરાતી વિષય માટે) ભરવાની આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી. એન. પરમાર) સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ.

## Student Corner: Scholarship

**Post-Graduate Merit Scholarship Scheme for University Rank Holders at Undergraduate Level for the academic session 2009-11.**

The University Grants Commission, on the basis of a initiative of M/HRD, had introduced from the year 2005-2006, Post-Graduate Merit Scholarship Scheme for University rank holders (in General and Honours Courses at Undergraduate levels) with the objective of attracting talents for pursuing post-graduate studies in basic subjects. The scheme is for non-professional courses only. The selection will be purely on merit basis. The awardees under this scheme can pursue their Post-Graduate programme in any area of specialization as also in any institution of higher learning in the country recognized by UGC under Section 2(f) and 12(B) of UGC Act.

Subjects Identified at undergraduate level for the award of Scholarships: B.Sc.(General), B.A. (General), B.Com. (General), B.Com (Hons.), B.Sc. :Chemistry,Mathematics, Physic, Statistics, Botany ,Zoology, B.A. :Economics, English, Geography, Hindi, History, Philosophy, Political Science, Psychology, Sanskrit, Sociology, Urdu. Further detail: www.ugc.ac.in

**450 Scholarships for students of 10+/ITI, Engineering, MBBS and MBA courses.**

Last date 30-9-2009. For further details : www.iocl.com

**વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય, વિજ્ઞાન અને ટેકનોલોજી** વિભાગની ઈન્સ્પાયર સ્કોલરશિપ ૨૦૦૭-૨૦૦૮ની વધુ વિગત માટે www.inspire-dst.gov.in અને www.nistads.res.in/inspire.

## જોડાણ

યુનિવર્સિટી ધારાની કલમ-૩૪ અન્વયે જૂન-૨૦૧૦ થી નવી કોલેજો શરૂ કરવા ઈચ્છતા તેમજ હાલની કોલેજોના ચાલુ/વધારાના/કાયમી/જોડાણ તથા મર્જર અને એડિશન ડિવિઝન/કોર્ષ/સબ્જેક્ટ માટે અરજી કરવા ઈચ્છતા રજીસ્ટર્ડ મંડળ/ટ્રસ્ટ/કોલેજ પાસેથી ઓર્ડિનન્સ-૬૬ અન્વયે, તા. ૩૦-૦૯-૨૦૦૯ સુધીમાં અચૂક મળી રહે તે મુજબ નિયત અરજી પત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે. ૧૫મી નવેમ્બર ૨૦૦૯ સુધીમાં જરૂરી લેઈટ ફી સાથે સ્વીકારવામાં આવશે. જોડાણ અંગેનું અરજી પત્રક કિંમત રૂા. ૨૫૦૦/- ડિમાન્ડ ડ્રાફ્ટ/રોકડેથી હિસાબી વિભાગમાં જમા કરાવ્યેથી યુનિવર્સિટી કાર્યાલયના કામકાજના દિવસો દરમ્યાન મેળવી શકાશે. ત્યારબાદ કોઈપણ સંજોગોમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦-૧૧ માટે અરજી સ્વીકારવામાં આવશે નહીં.

આ યુનિવર્સિટી સંલગ્ન જોડાણ મેળવવા માંગતી સંસ્થાઓએ સંલગ્ન કાઉન્સિલની મંજુરી માટે તેમજ યુનિવર્સિટી એન.ઓ.સી. માટે અરજી કરેલી હોવી જરૂરી છે.

નોંધ : ડિપ્લોમા ફાર્મસી, બી.ફાર્મ, બી.ઈ., એમ.ઈ., એમ.ફાર્મ., એમ.બી.એ., તથા એમ.સી.એ.ના નવા અભ્યાસક્રમોના જોડાણની કાર્યવાહી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, એલ.ડી. એન્જિનીયરીંગ કોલેજ કેમ્પસ, અમદાવાદના કાર્યક્ષેત્રમાં આવતી હોવાથી આ પ્રકારની જોડાણ અરજીઓ આ યુનિવર્સિટીને પ્રસ્તુત કરવી નહીં.

## એન.એસ.એસ.



શ્રીમતી કુસુમબેન કડકિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વરના યજમાન પદે યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે તથા પતંજલિ યોગ સમિતિ, ભરૂચ (સ્વામી રામદેવજી હરિદ્વાર પ્રેરિત)ના સૌજન્યથી ૧૩ થી ૧૬ ઓગસ્ટ ૦૯ દરમ્યાન યોગાસન-પ્રાણાયામ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ઉદ્‌ઘાટન સમારોહમાં કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ કોલેજના યુવકોમાં યોગાસન-પ્રાણાયામનો રોજિંદી જીવનશૈલીમાં આત્મસાત કરવા માટે પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. આ નિમિત્તે આધ્યાત્મિક પ્રવૃત્તિઓનો વ્યાપક પ્રસાર-પ્રચાર થાય એ માટે જૈન સંપ્રદાયના આચાર્યો તથા શ્રેષ્ઠીઓના સહયોગથી યુનિવર્સિટીમાં સેન્ટર ફોર સ્પિરિચ્યુઆલિટીનું ડિપાર્ટમેન્ટ શરૂ કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

ઉદ્‌ઘાટન સમારોહમાં અંગારેશ્વરના સંતવર્ય શ્રી સ્વામી મનીષાનંદજીએ યુવકોમાં સદાચાર, શિસ્ત, સંસ્કારો તથા યોગ-પ્રાણાયામની ટેવ પડે એ માટે પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. પતંજલિ યોગ સમિતિના ગુજરાત રાજ્યનાં મહિલા પ્રભારી કુ. હેતલ દેસાઈ (વલસાડ) દ્વારા ચાર દિવસના યોગ પ્રાણાયામ શિબિરનું આયોજન સમજાવવામાં આવ્યું. આચાર્યશ્રી ડૉ. જગદીશ ગૂર્જરે મહેમાનોનું સ્વાગત કરીને વિવિધ કોલેજોમાંથી ભાગ લેવા આવેલા શિબિરાર્થીઓને આવકાર્યા હતા. યુનિવર્સિટીના પ્રોગ્રામ-કોઓર્ડિનેટરશ્રી ડૉ. એ.એન. માલવિયાએ સુંદર આયોજન કરવા બદલ કડકિયા કોલેજ તથા પતંજલિ યોગ સમિતિ, ભરૂચના પદાધિકારીઓનો આભાર માન્યો હતો.

ચાર દિવસના યોગાસન શિબિરમાં પચીસ જેટલી કોલેજોના તથા સ્થાનિક મળીને ૨૫૦ વિદ્યાર્થીઓએ યોગની તાલીમ મેળવી હતી. જેમાં મુખ્ય શિબિર સંચાલક તરીકે ભરૂચ જિલ્લા પતંજલિ યોગ સમિતિના અધ્યક્ષ શ્રી તુષાર સોની ઉપરાંત ડૉ. ઈશ્વરભાઈ પ્રજાપતિ, ભીમજીભાઈ, પ્રવીણભાઈ ગાભાણી, વર્ષાબેન વગેરે યોગશિબિરોએ આસન-પ્રાણાયામની પધ્ધતિસરની તાલીમ આપી હતી. મુખ્ય પ્રભારી હેતલબેન દેસાઈ તથા શિશપાલ રાજપૂત, આશિષ આર્ય, પ્રદીપભાઈ પટેલ વગેરે યોગાધિકારીઓનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.



બૌધ્ધિક ચિંતનની શિબિરોમાં ઝાડેશ્વરના યશોનિધિ સ્વામીએ ચિંતનપ્રેરક વિચારો રજૂ કર્યા હતા. અમદાવાદના સંસ્કાર ચિંતક તથા પાંચ દાયકાઓથી સ્વાધ્યાય પ્રવૃત્તિ સાથે સંકળાયેલ શ્રી પરમાનંદ ગાંધી, જેઓ હવે પતંજલિ યોગ સમિતિ, હરિદ્વારના મુખ્ય સલાહકારોમાંના એક છે. એમણે શિબિરની બેઠકોમાં વિદ્યાર્થીઓના

કિશોરવયની સમસ્યાઓને સાંભળીને એના મનોવિશ્લેષણાત્મક પધ્ધતિએ ચિકિત્સા કરતા ઉપાયો દર્શાવ્યા હતા. તા. ૧૫ ઓગષ્ટના રોજ સવારે જલારામ મંદિરથી તમામ શિબિરાર્થીઓએ રેલી કાઢીને યોગ સ્વસ્થ ભારત વિશેના સૂત્રોચ્ચાર કરતાં કડકિયા વિદ્યાગ્રામમાં ધ્વજવંદનનો કાર્યક્રમ હાથ ધર્યો હતો. પતંજલિ યોગ સમિતિ તથા ભારત સ્વાભિમાન ટ્રસ્ટના ગુજરાત પ્રાન્તના પ્રભારી શ્રી શિશપાલ રાજપૂતના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. કેમ્પસમાં મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ થયું હતું. ૧૪મીએ રાત્રે જલારામ મંદિરમાં સૌ શિબિરાર્થીઓએ ભકિત સંગીતનો કાર્યક્રમ યોજીને પરંપરાગત રીતે જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવ્યો હતો. તથા તા. ૧૫મીએ રાત્રે પ્રો. હેમંત દેસાઈના માર્ગદર્શન હેઠળ દેશભકિતના ગીતોનો કાર્યક્રમ ઉજવાયો હતો. તા ૧૬મીએ પૂર્ણાહૂતિ સમારંભમાં હાંસોટ-અંકલેશ્વરના ધારાસભ્યશ્રી તથા સંસદીય સચિવ ઈશ્વરભાઈ પટેલની ઉપસ્થિતિમાં શિબિરાર્થીઓએ ભાવવિભોર થઈ શિબિર દરમ્યાન મેળવેલ યોગ-શિક્ષણ વિશેના પોતાના પ્રતિભાવો વ્યકત કર્યા હતા.



શ્રી ઈશ્વરભાઈ પટેલે શિબિરાર્થીઓને યોગાસન-પ્રાણાયામ દ્વારા શરીર-મનને તંદુરસ્ત બનાવવા સંકલ્પબધ્ધ થઈ અનુસરવા ઉદ્‌બોધન કર્યું હતું. આ શિબિરમાં યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય શ્રી કિશોરભાઈ વાઘેલા, તેમજ ખરોડ કોલેજના આચાર્ય ડૉ. પ્રફુલ્લસિંહ રાજ, જે.પી. કોલેજ, ભરૂચના આચાર્ય ડૉ. નીતિન પટેલ, ઉમરાવ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કીમના આચાર્ય ડૉ. જગદીશ કંથારિયા, ડૉ. આર.ડી. મોદી, ડૉ. જયશ્રી ચૌધરી, બળદેવભાઈ પ્રજાપતિ, પ્રા. નરેશ વાઘેલા, પ્રા. વર્ષાબેન પટેલ તથા મોટી સંખ્યામાં યોગ પ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમનું સુચારુ સંચાલન કોલેજના એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રા. હરેશ પરીખ તથા પ્રા. હેમંત દેસાઈના માર્ગદર્શન તેમજ નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. શિબિર સંચાલક તરીકે શ્રી તુષાર સોનીએ શિબિરને સફળ બનાવવામાં યોગદાન આપ્યું હતું.

## International Symposium

The students of Integrated Biotechnology, Dept of Biosciences, out of which six under graduate students and teaching faculty of M.Sc. (Integrated Biotech) worked and wrote papers : 1. Recycle of worshipped flowers to produce by products and prevent damage to aquatic Ecosystem. 2. Studies and occurrence of Tendinitis in the patients suffering from Arthritis. 3. Studies of Erythrocyte Sedimentation Rate as indicative of certain diseases. 4. Studies on importance of breast feeding awareness among students and mothers. 5. Physico-chemical parameters of water for different regions of South-Gujarat. 6. Studies on occurrence of Tuberculosis in the Umarwada area of Surat.




All these papers were accepted at the "International Symposium on Environmental Pollution, Ecology and Human Health" held at Tirupati for "Oral presentations". The students presented the papers nicely and they were appreciated by the foreign delegates. It was for the first time that undergraduate students presented their research papers at International Symposium. They also received certificate of presentation and attendance. Some of the papers are accepted for symposia proceeding to be published. All students were guided by Dr. S.K. Tank

# કોલેજ ન્યૂઝ

## વ્યાખ્યાન

ઝેડ.એફ. વાડિયા વિમેન્સ એન્ડ એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં છેલ્લા ઘણા વર્ષોથી ગ્રંથ પરિચય વ્યાખ્યાનમાળા પ્રવૃત્તિ વિશે વ્યાખ્યાન આપવા આમંત્રણ અપાય છે. આ ઉપરાંત કોલેજની વિદ્યાર્થિનીઓ પણ પોતાને ગમતા પુસ્તક વિશે પુસ્તક પરિચય આપે છે. કોલેજની જે વિદ્યાર્થિનીઓ આ કાર્યક્રમમાં ભાગ લે છે. તેમને કોલેજ તરફથી પ્રોત્સાહનરૂપે પુસ્તક અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. તાજેતરમાં આ પ્રવૃત્તિ હેઠળ પુસ્તક પરિચયનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં કોલેજની ૧૨ વિદ્યાર્થિનીઓએ પોતાને ગમતા પુસ્તક વિશે વાત કરી, એ પુસ્તક કેમ ગમ્યું છે એની છણાવટ કરી હતી. વિદ્યાર્થિનીઓએ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને માણ્યો હતો. પ્રા. ડૉ. સુધાબહેન મેનન અને પ્રા. ચંદનસિંહ ધેલોતે કાર્યક્રમની ભૂમિકા સમજાવી સંચાલન કર્યું હતું.

## સેમિનાર



બી.પી. બારિયા સાયન્સ કોલેજ, નવસારીમાં તા. ૯-૮-૨૦૦૯ના રોજ 'પાર્ટિકલ ફિઝીકસ' વિષયનો ઝોનલ લેવલનો સેમિનાર યોજાયો હતો. તેમાં વિદ્યાર્થીઓ માટે પોસ્ટર-સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિવિધ કોલેજોનાં કુલ ૪૧ સ્પર્ધકો હતા. જેમાં નવયુગ સાયન્સ કોલેજનાં વિદ્યાર્થીઓ પ્રજાપતિ અલ્પેશ જી. તેમજ માણિયા રોનક જે. દ્વારા બનેલ 'ફન્ડામેન્ટલ પાર્ટિકલ્સ એન્ડ પ્રોપર્ટીઝ' વિષયના પોસ્ટરને પ્રથમ ક્રમ તેમજ નરવણે સુમિત વાય. અને જોષી નિપૂણા આર. નાં 'કોસ્મિક રેઈઝ' વિષયના પોસ્ટરને બીજો ક્રમ પ્રાપ્ત થયો હતો. અભિનંદન.

## જન્મ જયંતી

સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજ, સુરતના ગુજરાતી પદ્ધતિમાં ચાલતા 'આત્મીય ગુજરાતી સાહિત્ય વર્તુળ' અન્વયે નર્મદની ૧૭૬મી જન્મજયંતીની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં નર્મદની તસવીરને સૂતરની આંટી પહેરાવી નર્મદના કાવ્યોનું ગાન, જીવન-કવન વિષે ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન પ્રિ. ડૉ. વી.જી. પટેલ તેમ જ પ્રા. જયશ્રી જાંબુસિયાએ કર્યું હતું.

## શિષ્યવૃત્તિ

સાઉથ ગુજરાત મેડિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર સંચાલિત એસ.પી.બી. ફીઝિયોથેરાપી કોલેજ, સુરતના વિદ્યાર્થીઓમાંથી અઠ્ઠાવીસ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાનું મિટીંગમાં નકકી કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીની આર્થિક પરિસ્થિતિ નબળી હોય ઉપરાંત અભ્યાસમાં વિદ્યાર્થી તેજસ્વી હોય તેમજ સામાજિક દરજજાને ધ્યાનમાં રાખી આ શિષ્યવૃતિ આપવામાં આવે છે.

## એવોર્ડ



સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટીટયુટ ઓફ કમ્પ્યૂટર એજયુકેશન એન્ડ અપ્લાઈડ્ સાયન્સીઝ, સુરતના પ્રા. ડૉ. મેઘના રાજેન્દ્ર અધ્વર્યુની ગ્લોબલ સોસાયટી ફોર હેલ્થ એન્ડ એજયુકેશન ગ્રોથ, નવી દિલ્હીએ વનસ્પતિ દવાના કરેલા ઉપયોગી સંશોધન માટે 'ભારત શિક્ષારત્ન' એવોર્ડ માટે પસંદગી કરી છે.

## આરોગ્ય

શ્રી જે.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરના એન.એસ.એસ., એન.સી.સી. તથા તાલુકા પંચાયતના સહયોગથી, તા. ૨૨/૦૮/૨૦૦૯ના રોજ 'સ્વાઈન ફલુ જનજાગૃતિ રેલી'ના આયોજન પ્રસંગે સાત હજાર પત્રિકાઓનું વિતરણ થયું હતું. સુત્રોચાર અને સંગીતના માધ્યમથી લોકોને જાગૃત કરવાનો નવતર પ્રયોગ હાથ ધર્યો હતો અંદાજે ૨૫૦ જેટલાં ભાઈ-બહેનો એમાં જોડાયા હતા. ઈન્ચાર્જ આચાર્ય પ્રા. આર.એસ. ક્ષત્રિયે રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. સામુહિક આરોગ્ય કેન્દ્ર. જંબુસર ખાતે સમાપ્ત થયેલી રેલીને મેડીકલ ઓફીસર ડૉ. પરેશ શર્માએ સ્વાઈન ફલુની સમજૂતી આપી હતી.



સી.એન. કોઠારી હોમિયોપેથિક મેડિકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર સંલગ્ન કાળીદાસ હોમિયોપેથિક હોસ્પિટલ, વ્યારા દ્વારા તા. ૨૦/૦૮/૨૦૦૯ના રોજ પ્રાથમિક શાળા નવી વસાહત, વ્યારા તથા પ્રાથમિક શાળા તાડકુવા ખાતે વિના મૂલ્યે હોમિયોપેથિક નિદાન અને સારવાર શિબિરમાં ૨૭૫ દર્દીઓએ લાભ લીધો હતો. આ શિબિરમાં ડૉ. દિલીપ મહેશ્વરી, ડૉ. મનીષ જૈન, ડૉ. જનની તથા ડૉ. નુપુરે સેવા આપી હતી.




જીવન ભારતી પ્રવૃત્તિ વિદ્યાલયની ધો-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ની વિદ્યાર્થિનીઓએ સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન એન્ડ હોસ્પિટલ, સુરતની લેબોરેટરીની, તા. ૨૬-૮-૨૦૦૯ના રોજ મુલાકાત લીધી હતી. જે અંતર્ગત એનેટોમી લેબોરેટરીમાં ડૉ. હિનલ રોહિત તેમજ તેમની ટીમે ડેડબોડી ઉપર વિવિધ ભાગોનું નિદર્શન કરી સમજણ આપી હતી. તેમજ ફીઝીયોલોજી લેબોરેટરીમાં ડૉ. રૂપલ ચૂડાવાલા તેમજ તેમની ટીમે વિવિધ સ્લાઈડ શોના નિદર્શન દ્વારા સમજણ આપી હતી.

## કોન્ફરન્સ



ભગવાન મહાવીર કોલેજ એજયુકેશન (એમ.એડ્.) સુરત અને શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતના ડૉ. એસ.સ્નેહલતા, પ્રા. નિહારિકા પટેલ અને પ્રા. કીર્તિ ડી. માટલીવાળાએ Lovely Professional University, Phagwara, Punjab. દ્વારા આયોજીત World Conference of AIAERમાં ભાગ લીધો હતો. જે Higher Education : Need for Priam Variate Reforms વિષય પર તા. ૩, ૪, ૫ ઓગષ્ટ ૨૦૦૯ દરમિયાન યોજાઈ હતી. Reforms in Teacher Education : A Survey અને પ્રા. કેતકી પંડયાએ Reforming education by reform in Educators વિષય પર સંશોધનપત્રો રજૂ કર્યા હતા.

## મુખપત્ર



**ઉત્કર્ષ.** (વર્ષ : ૨૦૦૮-૦૯, અંક : ૧૮). કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. સંપાદક : પ્રિ ડૉ. પ્રફુલસિંહ જે. રાજ અને પ્રા. ડૉ. જયંત એ. શાહ

## ભેટ : પુસ્તકો

યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી હોશંગભાઈ મીરઝાના સહકારથી સુરતના ડૉ. સુધીરભાઈ મારફતીયા તરફથી યુનિવર્સિટીના મધ્યસ્થ ગ્રંથાલયને વિવિધ વિષયોના ૧૬૫ ગ્રંથો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે. જેનો મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે.

## ગ્રંથાલય : મુલાકાત

યુનિવર્સિટીના મધ્યસ્થ ગ્રંથાલયમાં સંગ્રહિત વાચનસામગ્રીનો મહત્તમ ઉપયોગ થાય તે હેતુથી યુનિવર્સિટીના સોશ્યોલોજી ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ તા. ૧-૯-૨૦૦૯ના રોજ ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. આપ-લે વિભાગના ટેકનિકલ આસિસ્ટન્ટ શ્રી એચ.વી. પટેલે વિદ્યાર્થીઓને વાચનસામગ્રી અને તેના ઉપયોગ વિષે સવિસ્તર માહિતી આપી હતી.

આ અગાઉ માસ કમ્યૂનિકેશન અને જર્નાલિઝમ વિભાગના ડૉ. કલ્પનાબેન રાવે તેમના વિભાગના વિદ્યાર્થીઓ સાથે ગ્રંથાલયની મુલાકાત લઈ માહિતી મેળવી સંતોષ વ્યકત કર્યો હતો.

# વાચન વિશેષ

## મારો ઓરડો તમારો છે

શિકાગોની એક પ્રાથમિક શાળાના બાળકોની આ મજાની વાત છે. ક્રિસમસના તહેવારોમાં આ શાળાનાં બાળકો ઈશુનું નાટક કરીને ઉજવણી કરતા હતા.

ત્રીજા ધોરણના બાળકના ભાગે ધર્મશાળાના ચોકીદારનો પાઠ ભજવવાનો આવ્યો; જોકે તેના ભાગે સંવાદની એક જ લીટી હતી : 'માફ કરજો આ ધર્મશાળામાં એક પણ રૂમ ખાલી નથી.'

આ બાળક ક્રિસમસના તહેવારથી એટલો રંગાઈ ગયો કે જયારે મેરી અને જૉસેફ તેની નજીક આવ્યાં ત્યારે તે બોલ્યો : 'માફ કરજો આ ધર્મશાળામાં એક પણ રૂમ ખાલી નથી', જેવાં મેરી અને જૉસેફ પાછા ફર્યા એટલે આ બાળક બોલી ઉઠયો : 'પાછા આવો - જૉસેફ પાછા આવો. હું તમને મારો ઓરડો આપીશ. જે ખાલી છે.'

કદાચ એટલે જ ઈશુ હંમેશા કહેતા કે બાળક જેવા બનો. જેમના હૃદયમાં કોઈ ગ્રંથિ નથી હોતી.

(જીતો દુનિયા તમારા અભિગમથી. જે.પી. વાસવાણી, પૃ. ૯૧)

## પુસ્તક પરિચય

**નારાયણ મૂર્તિ : મૂલ્યોના જતનની અનોખી સફર.** એન. ચોકકન., અનુ : આદિત્ય વાસુ. અમદાવાદ : આર. આર. શેઠની કંપની, જૂન, ૨૦૦૯. પૃ. ૧૨૦, મૂલ્ય રૂા. ૯૦

વિશ્વવિખ્યાત સોફટવેર કંપની 'ઈન્ફોસિસ'ના સ્થાપકો પૈકીના એક અને દેશના અગ્રણી ઉદ્યોગપતિ નારાયણ મૂર્તિની જીવનકથા તમિલમાં લખાયેલી છે; ગુજરાતી અનુવાદ આદિત્ય વાસુએ આપ્યો છે.

રૂા. ૮૦૦નો માસિક પગાર મેળવનાર અને ૨૦૦૮ના વર્ષ સુધીમાં ૪ અબજ ૧૮ કરોડ અમેરિકન ડોલરનું ભંડોળના એક ભાગીદાર એવા નારાયણ મૂર્તિની જીવનકથા દંતકથા જેવી છે. નારાયણ મૂર્તિને પારાવાર મુશ્કેલીઓ હોવા છતાં ઊંચાઈને આંબે છે અને સફળતા તેને ચૂમે છે. નારાયણ મૂર્તિ આઈ.આઈ.ટી.માં પ્રવેશ મેળવવા ઈચ્છતા હતા. પ્રવેશ પરીક્ષા આપીને સત્તરમો ક્રમ મેળવ્યો ; પરંતુ આર્થિક વિટંબણાને કારણે પ્રવેશ ન લીધો અને એન્જિનિઅરિંગમાં પ્રવેશ મેળવ્યો. શિષ્યવૃત્તિ મેળવીને આઈ.આઈ.ટી. કાનપુરમાં ભણ્યા. આઈ.આઈ.ટી. પૂર્ણ કર્યા બાદ અમદાવાદ આઈ.આઈ.એમ.માં ચીફ સિસ્ટમ પ્રોગ્રામર તરીકે રૂા. ૮૦૦ના માસિક પગારે નોકરી કરી. અહીં તેઓ દિવસના ૨૦ કલાક નોકરી કરતા "કમ્પ્યૂટર સોફટવેર ડેવલપમેન્ટ" કાર્યક્રમ અંતર્ગત પેરિસ ગયા અને જીવનની દિશા જ બદલાઈ ગઈ. પત્ની સુધા પાસેથી દસ હજાર રૂપિયા ઉધાર લીધા અને અન્ય છ મિત્રો સાથે પૂનામાં 'ઈન્ફોસિસ'ની સ્થાપના કરી. સાત વ્યકિતઓએ શરૂ કરેલી ઈન્ફોસિસ કંપનીમાં ૯૦,૦૦૦થી પણ વધારે કાર્મચારીઓ કામ કરે છે.

કુલ આઠ પ્રકરણ પૈકી (૧) પ્રેમ જ પ્રેમ (૨) વધુ કમાવવામાં કશું જ ખોટું નથી (૩) સુધા નારાયણ મૂર્તિ (૪) સ્વપ્ન સાકાર થાય છે. (૫) સામા વહેણના તરવૈયા (૬) બેંગલુરૂ ચલો (૭) દરવાજા ખૂલ્યા (૮) એમને પરત કરી છે. (૯) આદર્શ માર્ગદર્શક (૧૦) યાત્રા (૧૧) ભારતીય સોફટવેર ઉદ્યોગ અને ઈન્ફોસિસ (૧૨) મૂર્તિ-માન-અકરામ અને સન્માન (૧૩) ઈન્ફોસિસ : પ્રગતિનાં સોપાન (૧૪) ઈન્ફોસિસને મળેલા પુરસ્કાર અને સન્માન તથા પંદરમાં પ્રકારણ : મૂલ્ય આધારીત જીવન- નારાયણ મૂર્તિની બેંગલુરૂમાં નાઝનીન કરમાલીએ લીધેલી મુલાકાતનો સમાવેશ થાય છે.

પ્રેરણાપ્રદ અને જીવનને ઉપયોગી એવું આ પુસ્તક પ્રગતિ ઈચ્છતા સૌ કોઈએ વસાવવું રહયું તેમજ તેનું વાચન કરવું રહયું.

બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

---

અમે જન્મે ગુજરાતી છીએ, અમે ગુજરાતી બોલીએ છીએ, અમારા સંસ્કાર ગુજરાતી છે, એમ આપણામાં ગુજરાતી અસ્મિતા આવતી નથી. અસ્મિતા જે મનોદશા સૂચવે છે તેનાં બે અંગ છે : 'હું છું.' અને 'હું જ રહેવા માગું છું.'

ક. મા. મુનશી

ફકત બુધ્ધિશાળી હોવું એ મહત્વપૂર્ણ નથી, પરંતુ બીજાઓ સાથે સમન્વય બનાવી, સારી રીતે સમૂહમાં કામ કરવું એ વધુ મહત્વપૂર્ણ છે.

નારાયણ મૂર્તિ

---

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.
Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com